શ્રી રામચંદ્ર મીશન®
અંગત પ્રકાશન માટે
ECHOES INDIA
નવેમ્બર 2013 વર્ષ 6, અંક 6

# સપ્ટેમ્બર 2013







## મિન્સ્ક આશ્રમનું ઉદ્‌ઘાટન, બેલારસ

1લી સપ્ટેમ્બર, રવિવારે, માસ્ટરે હંમેશ મુજબ ગીતાપાઠમાં હાજરી આપી હતી, માસ્ટર ઓફિસમાં દાખલ થયા અને જોયું કે મણપાક્કમમાં આવેલા બધાજ રશિયન અભ્યાસીઓને અને એલએમઓઆઈએસના બધાજ વિદ્યાર્થીઓને કે જેઓ આ પ્રસંગે ભાગ લેવા અંદર ઓફિસમાં આવ્યા છે. મિન્સકનાં અભ્યાસીઓને તેમણે વિડિયો લીંકથી સંબોધ્યા હતા અને કહ્યું હતું, “આપણા માટે, આ રશિયન આશ્રમ છે અને આપણી પાસે વધારે આશ્રમો હોવા જોઈએ.” તેમણે વધારામાં કહ્યું કે સ્લેવોનિક લોકો સાથે ઘણા લાંબા સમયથી સંપર્ક છે, બની શકે કે પૂર્વના જીવનોમાં પણ વધારે સાથે રહ્યો હોય. તેમણે તે બધાને ફરી એકવાર મળવા માટે રશિયાની મુલાકાત લેવાની તેમની ઈચ્છા દર્શાવી હતી, “કારણ કે, હું ફરીથી કહું છું, તમને બધાને વારંવાર જોવાનું મને ગમે છે.” માસ્ટરે જાણ્યું કે અત્યારે રશિયાથી આવેલા અડધો ડઝન જેટલા વિદ્યાર્થીઓ ઓમેગામાં શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે અને કહ્યું કે, “હું ઈચ્છું છું કે વધારેને વધારે આવે.” વક્તવ્યના અંતમાં, તેમણે સત્સંગ કરાવ્યો હતો. તે પછી રશિયન ભાષા બોલતા બધા જ અભ્યાસીઓને પ્રસાદ આપ્યો હતો.

માસ્ટરની તબિયત વધારે ને વધારે સારી થઈ રહી હતી અને એક દિવસ, વોકરનો ઉપયોગ કરીને તેઓ કોટેજની બહાર આવ્યા હતા અને ત્યાં બેઠા હતા. ઘણા સમય પછી આવું બન્યું હતું કે માસ્ટર ચાલીને બહાર આવી શક્યા હતા.

માસ્ટર ‘હિસ્ટરી ટીમ’ને તેમણે ઘણો જ સમય અને તેમના પર ધ્યાન આપી રહ્યા છે. તેમણે તેમને કહ્યું, “આવો અને સહજ માર્ગના ઈતિહાસ વિષે મને પ્રશ્નો પૂછો અને શક્ય હશે તે બધાના જવાબો હું આપીશ.” તેથી દરરોજ સવારે, આ ટીમ કોટેજમાં આવશે. માસ્ટર 9 વાગ્યા સુધીમાં તૈયાર રહેશે. તેઓ સીટીંગ આપશે અને તે પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થશે, જે એક કલાકથી વધારે ચાલશે. માસ્ટરને આવી ચર્ચાઓમાં આટલા બધા સંડોવાયેલા જોવા એ ઘણું જ ધ્યાનાકર્ષક હતું. એમની આસપાસ રહેનારાઓ પણ એમાં આપોઆપ જ સામેલ થઈ જતા હતા. ચર્ચા કરવા માટે જે પ્રેરણા અને કુતૂહલ તેઓ લાવતા







હતા, તે તેમની પાસેથી શીખવું અને આપણા જીવનવ્યવહારમાં લાવવું બહુમૂલ્ય છે. તેઓ બીજાઓને પ્રેરણા આપવા માટે ખાસ વિશેષ કશું કરતા ન હતા પરંતુ તેમની સ્વ-પ્રેરણાને જ બધાની સામે લાવે છે અને તેની અસર તેમની આસપાસ રહેલાઓ પર પડે છે.

દર રવિવારે, હંમેશ મુજબ સત્સંગ કમલેશભાઈ કરાવે છે અને કોટેજના પ્રાંગણમાં ગીતાપાઠ ભાઈ સંસ્કિત કન્નન કરાવે છે તે ચાલુ જ છે. ગીતાનો બીજો અધ્યાય કે જે જ્ઞાનના સંદર્ભમાં છે તે ચાલે છે. આ કાર્યક્રમોમાં હાજરી વધી રહી છે અને જે અભ્યાસીઓ માસ્ટર સાથે રહેવા અને આ કાર્યક્રમમાં હાજર રહેવા માગે છે તેમની લાંબી કતારો 9 વાગ્યા સુધી જોવા મળે છે.

11 સપ્ટેમ્બર, બુધવારના રોજ, આશ્રમની પાછળ આવેલા ડો. નટવરના એપાર્ટમેન્ટનું ઉદ્દઘાટન માસ્ટરે કર્યુ હતું. તેઓ એપાર્ટમેન્ટની ચોતરફ ગયા હતા અને ત્યાં હાજર રહેલા લગભગ 400 અભ્યાસીઓને આશરે 45 મિનિટ સુધી સત્સંગ કરાવ્યો હતો. તે કાર્યક્રમ કૃપાપૂર્ણ રહ્યો હતો. માસ્ટર બપોરે મોડેથી કોટેજમાં ગયા હતા. સાંજે, જે લોકો કોટેજમાં એકત્રિત થયા હતા તેમને માટે તેમણે ફરીથી સત્સંગ કરાવ્યો હતો.

12મી સપ્ટેમ્બર, ગુરુવારે, માધુરીનો જન્મ દિવસ હોવાથી, માસ્ટર તેણીને મળવા માટે 'ગાયત્રી' જવા માગતા હતા કારણ કે તેણીએ ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું હતું. 'ગાયત્રી' ખાતે તેમણે માધુરી અને પરિવારના સભ્યો સાથે હોલમાં બેસીને અને બધા સાથે વાતચીત કરીને સમય વિતાવ્યો હતો. માસ્ટરે કહ્યું હતું, "મારી પૌત્રીના જન્મ દિવસ નિમિત્તે હાજર રહેવાથી હું સૌથી વધારે ખુશ છું."

## ઓણમની ઉજવણી


સપ્ટેમ્બર 16, સોમવારે, ઓણમનો તહેવાર હતો. કેરાલાથી લગભગ 350 અભ્યાસીઓ આવ્યા હતા. વહેલી સવારે, કોટેજની સામે, ફૂલોથી ડિઝાઈન બનાવતા અભ્યાસીઓને જોવામાં માસ્ટરે થોડો સમય ગાળ્યો હતો. માસ્ટરે દરેકને 'ઓણમની શુભેચ્છાઓ' પાઠવી હતી. 9 વાગે, ડોર્મ 'એ'માં એકત્રિત થયેલા અભ્યાસીઓને સત્સંગ કરાવવા માસ્ટર ત્યાં આવ્યા હતા. સત્સંગ પહેલાં, ધાર્મિક આચરણો અને તે માટેની લોકોની માન્યતાઓ વિષે તેઓ બોલ્યા હતા. તેમણે કહ્યું હતું કે હિંદુ, ખ્રિસ્તી કે મુસ્લીમ ધર્મ જેવું કશું જ નથી પણ આપણે સૌ મનુષ્યો છીએ. પ્રેમ ઘણું જ અગત્યનું પાસું છે અને આવી બધી માન્યતાઓમાંથી બહાર આવવા માટે તે જ એકમાત્ર સાધન છે. માસ્ટરે કહ્યું હતું કે દરેકે દરેક અભ્યાસી સહજ માર્ગનો દૂત છે અને પ્રશિક્ષક અને અભ્યાસી વચ્ચે કોઈ જ તફાવત નથી અને મિશનના આ વિકાસમાં દરેક વ્યક્તિએ ભાગ લેવાનો છે. બપોરે, રસોડામાં ઓણમ નિમિત્તે વિશેષ અનગીઓ બનાવવામાં આવી હતી અને તેને માસ્ટર માટે કોટેજમાં પણ મોકલવામાં આવી હતી.

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

18મી સપ્ટેમ્બરે સવારે માસ્ટરને ઠીક ન હોવા છતાં તેઓ ભાઈ સતબીરના 'ગાર્ડન ઓફ હાર્ટસ'ના ઘરમાં ગયા હતા અને ડોકટરોએ ભલામણ કરી હતી કે તેઓ ત્યાં જ રોકાઈ જાય અને કોટેજનું સમારકામ મુલતવી રાખે. પરંતુ માસ્ટરે આગ્રહ રાખ્યો કે કામ યોજના મુજબ પૂરું થાય, પછી ભલે તે અગવડરૂપ કેમ ન હોય, તો પણ, જો માસ્ટરે એકવાર નક્કી કરી લીધું હોય તો એમના મનનું સમાધાન કરાવવું ઘણું જ અઘરું છે.

શરૂઆતના થોડા દિવસો, સવારમાં સત્સંગ માસ્ટરે સતબીરના ઘરમાં કરાવ્યો હતો પણ તેમણે જોયું કે ઘણા અભ્યાસીઓ મેડિટેશન હોલમાં જવાને બદલે ત્યાં આવતા હતા અને તેથી તેઓ અસ્વસ્થ થઈ ગયા હતા. તેમણે બધાને મેડિટેશન હોલમાં જવાનું કહ્યું હતું, એમ કહીને કે, "તમે સત્સંગ જ્યાં પણ કરશો, પ્રાણાહુતિ તો બધે એક જ મળતી હોય છે."

21મી સપ્ટેમ્બર, શનિવાર: માસ્ટર 'ગાયત્રી' ગયા હતા, પરિવારમાં બધા સાથે વાત કરીને તેઓ ખુશમિજાજમાં જણાતા હતા અને સીધા જ નાસ્તાના ટેબલ પર ગયા હતા. નાસ્તો કર્યા પછી, માસ્ટર તેમની ઓફિસે ગયા હતા, થોડું કાર્ય કર્યું હતું અને તેમના કોમ્પ્યુટર પર મુલાકાતોના થોડા કાર્યક્રમો જોયા હતા. તે પછી માસ્ટર થોડા અભ્યાસીઓને મળ્યા હતા અને બધાને સીટીંગ આપવાનું નક્કી કર્યું હતું. માસ્ટર માટે યુએસએથી










એક નવી જ વ્હીલચેર લાવવામાં આવી હતી જે વધારે આધુનિક હતી અને તેનાં બધાં જ સેટીંગ્સ સાનુકૂળ બનાવી શકાય તેવા છે. આનો ઉપયોગ કરીને તેઓ ખુશ હતા.

બપોરના ભોજન પછી, યુરોપથી આવેલા અભ્યાસીઓ જે હોલમાં એકત્રિત થયા હતા ત્યાં આવીને માસ્ટર બેઠા હતા. જ્યારે માસ્ટરે હાંફ ચઢવાની ફરિયાદ કરી ત્યારે ડેન્માર્કથી આવેલી એક બહેને તેમને એક રીત શીખવાડી, જેની ચમત્કારિક અસર થઈ હતી અને પાંચ મિનિટમાં જ માસ્ટરની શ્વસન ક્રિયા વધારે સારી થઈ ગઈ હતી. સાંજે, આશ્રમમાં બધાને એમ જણાવવા કહ્યું કે તેઓ આરામ કરવા 'ગાયત્રી' ગયા છે.

22મી સપ્ટેમ્બર, રવિવારે, માસ્ટરે 'ગાયત્રી'માં સત્સંગ કરાવ્યો હતો અને હોલમાં થોડાં લગ્નો કરાવ્યાં હતાં અને નવપરિણીત યુગલને આશીર્વાદ આપ્યા હતા.

તે પછીના બે દિવસ, મિશન માટે ચેન્નાઈથી પશ્ચિમમાં લગભગ 45 કી.મી. દૂર તિરૂવલ્લુરની જમીન ખરીદવામાં માસ્ટર વ્યસ્ત હતા. જમીન માલિકોના પરિવારના બધા જ સભ્યો 'ગાયત્રી' પર આવ્યા હતા અને માસ્ટર તેમને વ્યક્તિગતરૂપે મળ્યા હતા અને બધા જમ્યા પછી જ જાય એ વાતનું ધ્યાન રાખ્યું હતું. કરાર પર અને વેચાણખતના કાગળો પર લગભગ 300 જણની સહીઓ કરાવવી એ મહામહેનતનું કામ હતું. છતાં માસ્ટરના ચહેરા પર સ્મિત હતું કારણ કે એ બંને દિવસોમાં મોડી રાત સુધી બેસીને બધા જ દસ્તાવેજો પૂરા કરાવવાનું કામ તેમણે કર્યું હતું. માસ્ટરને આ કામ કરીને ખરેખર ખુશી થઈ હતી, જે આપણને એ શીખવે છે કે આપણે જે કામ કરીએ તેમાં આનંદ લઈએ, તો તે કામ કષ્ટદાયક રહેતું નથી.

સપ્ટેમ્બર 28, શનિવારે માસ્ટર આશ્રમ પર પાછા આવ્યા હતા. નવેમ્બરમાં યુરોપિયન સેમિનાર રાખવામાં આવ્યો છે અને વિષય છે, 'જ્ઞાનના અભાવમાંથી જ્ઞાની અને તેમાંથી અજ્ઞાની બનવું' માસ્ટર આ વિષયમાં ઘણા જ ઓતપ્રોત થઈ ગયા હતા અને ઈચ્છાશક્તિ અને વિચારસરણી પર ચર્ચા કરી હતી. માસ્ટરે કહ્યું હતું, "જાણવું અને કરવું એ બે વિષયો વચ્ચેની કડી છે ઈચ્છાશક્તિ.' 'વિચારવાની હિંમત', પરંતુ એકવાર તમે વિચારવાની હિંમત કરી લીધી તો તે કરવું જ જોઈએ અને તે માટે તમને ઈચ્છાશક્તિની જરૂર પડે છે. તમે જેમ જેમ તમારી ઈચ્છાશક્તિનો ઉપયોગ કરતા જશો, તેમ તેમ તમારા વિકલ્પો ઓછાને ઓછા થતા જશે. આ તમને સાદા જીવન તરફ દોરી જશે. તેથી તેમે જોશો આ રીતે આપણી ઈચ્છાશક્તિનો ઉપયોગ કરીને અને આપણા વિકલ્પો ઘટાડીને સાદા બનવું અને પ્રકૃતિને અનુરૂપ થવું શક્ય બને છે. સાદું જીવન જીવવું એટલું સરળ નથી."

## તિરૂવલ્લુરની મુલાકાત

છેલ્લા થોડા દિવસોમાં, ચેન્નાઈથી પશ્ચિમમાં લગભગ 45 કી.મી. દૂર તિરૂવલ્લુર જિલ્લામાં 113 એકર જમીનની નોંધણી એસએમએસએફના નામે કરવામાં આવી હતી. માસ્ટર જમીનની અને સ્વયંસેવકોની મુલાકાત લેવા માગતા હતા. જેમાં ધ્યાન માટે મંડપ, માસ્ટર માટે તંબુ અને અભ્યાસીઓ માટે પોર્ટેબલ જાજરૂ બાંધવાની સુવિધાઓ વગેરે ભાઈ વિનય ક્રિષ્નાની દોરવણી હેઠળ ઊભી કરવામાં આવી હતી. ચેન્નાઈથી અને તિરૂવલ્લુરની આજુબાજુમાંથી લગભગ ત્રણસો અભ્યાસીઓ ભેગા થયા હતા.

28મી સપ્ટેમ્બરે, બેસવા માટેની ખાસ ખુરશી સાથે લગભગ 8 વાગે માસ્ટર તેમની મર્સીડીઝ કારમાં જમીનના સ્થળે આવી ગયા હતા. તેમણે પ્રસાદ ધરાવ્યો હતો અને મેડિટેશન હોલમાં આવ્યા હતા. તેમણે આશરે 45 મિનિટની સીટીંગ આપી હતી અને એકત્રિત થયેલાઓને સંબોધ્યા હતા. આ જમીન પર હોસ્પિટલ, મેડિટેશ હોલ, ખેતીવાડી, પશુપાલન માટે જે આશયથી બાંધવામાં આવશે તેના ઉપયોગ માટે તેમણે બુલંદ અભિપ્રાય આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમ છતાં પણ, મુખ્ય પ્રવૃત્તિ તો ધ્યાન જ રહેશે. તિરૂવલ્લુર જિલ્લાના કલેક્ટર, ભાઈ વીરારાઘવ રાવ, જેઓ નવા જ અભ્યાસી છે, તેમણે સત્સંગમાં હાજરી આપી હતી. તેમણે જિલ્લા પ્રધાન મંડળ તરફથી બધા જ સહકારનું વચન આપ્યું હતું. જમીન વેચનાર પરિવારોના ત્રીસેક જેટલા સભ્યો પણ આવ્યા હતા અને તેમણે માસ્ટરને પ્રણામ કર્યા હતા. માસ્ટરે તેમને પ્રસાદ આપ્યો હતો અને તેમની સાથે ફોટો પડાવ્યો હતો. અભ્યાસીઓ મોટી ચોકલેટ કેક લાવ્યા હતા જેને માસ્ટરે કાપી હતી અને બધાને વહેંચી હતી. માસ્ટર માટે આરામ કરવા સુવિધા કરવામાં આવી હોવા છતાં. તેમણે આરામ કર્યો ન હતો પણ તેમની વ્હીલ ચેરમાં બેઠા હતા અને તેમનો નાસ્તો કર્યો હતો. પ્રાપ્ત કરવામાં આવેલી બધી જમીનમાં ડાંગર, કેળાં, નાળિયેરી વગેરેની ખેતી કરેલી હતી જેનાથી બધું જ લીલુંછમ દેખાતું હતું. તેમાં ઘણા બધા કૂવા અને બોર વેલ છે. તે પછી માસ્ટર તેમની વેનમાં ગયા અને જે પણ થોડાઘણા રસ્તા હતા તેના પરથી જોઈ શકાય એટલી જમીન જોઈ હતી અને ત્યાંથી ચેન્નાઈ જવા રવાના થયા હતા.

મહિનાના છેલ્લા રવિવારે ગીતાપાઠ પૂરો થયા પછી માસ્ટર થોડી વાર માટે બોલ્યા હતા. ભાઈ સંસ્કૃત કન્નને આ શ્લોકોને એટલા વિસ્તારપૂર્વક સમજાવ્યા છે કે હવે આપણે તે સામગ્રીને આત્મસાત કરવાનો અને તેના સારને સંગ્રહ કરવાનો સમય છે. આથી, હવે

પછીના બે રવિવારો પ્રશ્નોત્તરીના સત્રો રહેશે.''

## ઓક્ટોબર 2013





### ચાઈનીઝ પરિસંવાદ

મંગળવાર, ઓક્ટોબર 1: આશરે 110 જેટલા, મુખ્યત્વે ચીનથી આવેલા અને બીજા અન્ય દેશોમાં વસતા ચીનવાસી અભ્યાસીઓ, આ પરિસંવાદમાં ભાગ લેવાને મણપાક્કમ ખાતે આવ્યા હતા. માસ્ટર આ પરિસંવાદની આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા હતા. પોતાના કક્ષમાંથી બહાર આવતા પહેલાં, સવારે આશરે 8:30 કલાકે કુટીરમાં એકત્રિત થયેલા અભ્યાસીઓનું અભિવાદન કરવા, માસ્ટરે જલદીથી થોડા ચાઈનીઝ ભાષાના શબ્દો શિખી લીધા. જેવા તેઓ ચાલતા ચાલતા બહાર આવ્યા તેવા તેઓ ચાઈનીઝ ભાષામાં બોલ્યા; જેણે ખૂબ પ્રસન્નતા અને બુલંદ તાળીઓના ગડગડાટ આણ્યા. માસ્ટર પોતે ચાઈનીઝ ભાષા નહીં શિખી શકવા માટે પોતાની દીલગીરી વ્યકત કરી અને કહ્યું કે હવે ચાઈનીઝ ભાષા શિખવા માટે કે ચીનની યાત્રા માટે અતિ વૃધ્ધ થઈ ગયા છે. તેમણે કહ્યું કે વધારે અને વધારે અભ્યાસીઓએ દર વર્ષે ચેન્નાઈ આવવા પ્રયત્ન કરવો જોઈએ. તેમણે ગંગટોક આશ્રમનો (સીક્કીમ, ભારતમાં) ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે તે એકાંતવાસ કરવા માટે સારી જગ્યા છે અને અભ્યાસીઓએ તે સુવિધાનો ઉપયોગ કરવો જોઈએ. પછી માસ્ટરે સીટીંગ આપ્યું. પરિસંવાદ ચાલુ રાખી, અભ્યાસીઓને ''ડોર્મ એ'' માં જવા જણાવવામાં આવ્યું.

પછીના દિવસે, માસ્ટરે, બહેન ગીતુના ફ્લેટનું ઉદઘાટન કરવા વીજળી મોટર દ્વારા સંચાલિત પૈડાવાળી ખુરશીમાં બેસીને ગયા. ત્યાં પરિસંવાદના સહભાગીઓને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓ સાંજે કુટીરમાં પાછા ફર્યા. માસ્ટર પૈડાવાળી ખુરશીમાં સારું એવું ફરતા રહેતા હોવાથી, તેને કારણે તેમને પગમાં ફોલ્લા થયા હતા. આ ફોલ્લા ફાટી ગયા અને તેને કારણે તેમને પગમાં તીવ્ર પીડા થતી હતી. ડોકટરોએ ત્વચાનો અમુક ભાગ કાઢી નાખવો પડ્યો હતો અને જ્યાં સુધી રૂઝ આવે નહીં ત્યાં સુધી માસ્ટરે તેમના પગને ઉંચકેલા રાખવા પડ્યા હતા. તેઓ આ પહેલા પણ જે દશામાંથી પસાર થઈ રહ્યા હતા, તે જોતાં, તેમને આ નવી ઉપાધીમાંથી પસાર થતા જોવું તે દર્દદાયક હતું.

તાજેતરમાં અધિગ્રહિત થયેલી જમીનનું નિરીક્ષણ કરવા અને ત્યાં પ્રારંભિક આયોજનને તૈયાર કરવા, 4થી ઓક્ટોબરના રોજ, ભાઈ પી. આર. કૃષ્ણ બીજા થોડા અભ્યાસીઓ સાથે, તિરુવલ્લુર જવા રવાના થયા. માસ્ટરે જણાવ્યું કે આ સંપત્તિને સંબંધિત બધા જ પ્રયત્નોને ભાઈ પી.આર. કૃષ્ણ સંભાળશે જેમાં હાલ પુરતું, માસ્ટર મુખ્યત્વે ખેતીવાડી ઉપર કેંન્દ્રિત થવા ઈચ્છે છે.

શનિવારે સવારે, માસ્ટરે પરિસંવાદના સહભાગીઓને મળવાનો કાર્યક્રમ બનાવ્યો હતો. પણ તેમને ઠીક લાગતું ના હોવાથી તેઓ બહાર નીકળી શક્યા નહીં, પણ તેઓ, આજે જે વીસ અભ્યાસીઓ વિદાય થવાના હતા, તેમને શાંતિથી મળ્યા. ત્યાર બાદ ભાઈ કમલેશે બાકી બચેલા સહભાગીઓ માટે ડોર્મ એ ખાતે સત્સંગનું સંચાલન કર્યું અને તેઓને સંબોધ્યા.

રવિવારે, માસ્ટરની તબીયત સારી ના હતી, તેમણે ભાઈ કમલેશને ધ્યાન ખંડમાં સત્સંગનું સંચાલન કરવા જણાવ્યું અને ભાઈ પી.આર. કૃષ્ણને કુટીરમાં પરિસંવાદના સહભાગીઓ માટે સત્સંગનું સંચાલન કરવા કહ્યું. સત્સંગ બાદ, માસ્ટર પરિસંવાદના સહભાગીઓ સાથે થોડો સમય ગાળવા બહાર આવ્યા. વાતાવરણ પ્રેમથી લદાઈ ગયું અને કેટલાક અભ્યાસીઓની આંખોમાં આંસુ હતા. અભ્યાસીઓના હૃદયો, માસ્ટરના ગહન પ્રેમ થકી વ્યાકુળ બની ગયા.

માસ્ટરે રસોડાની ટીમને એકત્રિત થયેલા બધાને મીઠાઈઓ અને પકોડા બનાવીને પીરસવા જણાવ્યું. આની સાથે, ચાઈનીઝ અને વીએટનામી અભ્યાસીઓ દ્વારા ટુંકો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો.




દરેકને એમ લાગતું હતું કે માસ્ટરે આ સત્રમાં તેમનું સર્વસ્વ આપી દીધું હતું. તેમની નાદુરસ્ત તબીયત હોવા છતાં, માસ્ટરે, તેમને કુટીરમાં મળવા આવેલા અને આજે વિદાય થઈ રહેલા ચાઈનીઝ અભ્યાસીઓ સાથે સમય ગાળ્યો.

ચાઈનીઝ ભાષા વિષે માસ્ટરે જણાવ્યું કે "એક વાર જો તમે સારી મનોસ્થિતિમાં આવી જાવ તો તમે કોઈ પણ ભાષા શિખી શકો છો. હું ચાઈનીઝ ભાષા શિખી રહ્યો છું. અંગ્રેજી ભાષામાં બાવન સૂરો છે, જ્યારે ચાઈનીઝ ભાષામાં માત્ર ચાર જ સૂરો છે. ચાઈનીઝ ભાષા સુંદર છે. તે અત્યંત અર્થપૂર્ણ છે. ઉદાહરણ તરીકે, ચાઈનીઝ ભાષામાં 'ખુશ'' શબ્દ, બે જ અક્ષરોમાં લખાય છે, જેનો ખરેખર મતલબ "તમારા હૃદયને ખોલો'' થાય છે.

7મી ઓક્ટોબર, સોમવાર, ચાઈનીઝ પરિસંવાદનો છેલ્લો દિવસ હતો. માસ્ટરે લગભગ 45 મીનીટ્નું સીટીંગ આપ્યું. સીટીંગ બાદ, માસ્ટર અત્યંત થાકી ગયા હતા, તેમ છતાં, તેઓ થોડા અભ્યાસીઓને મળ્યા અને બધાનું અભિવાદન કર્યું અને ત્યાર બાદ આરામ કરવા ગયા. સાંજે, 'કાન્હા' પરિયોજના ઉપર કામ કરી રહેલા અભ્યાસીઓ આવ્યા અને માસ્ટરની તેઓની સાથે મીટીંગ હતી અને ત્યાર બાદ, તેમણે બધાને સીટીંગ આપ્યું.

"દરેકને જીવન મળેલું છે, પણ આપણે જીવનની અંદર જીવનને શોધવું પડશે, જે છેવટે પોતાના હૃદયમાં જ વિલીન થાય છે "

રામચંન્દ્રની સંપૂર્ણ કૃતિઓ
ગ્રંથ 3, પાન 147.



## ભાઈ કમલેશ ગુજરાતના પ્રવાસે

ભાઈ કમલેશ 11 સપ્ટેમ્બરના રોજ, અમદાવાદ આવી પહોંચ્યાં. આ તેમનો વ્યક્તિગત પ્રવાસ જાહેર કરાયો હોવા છતા, તેમણે પોતાના રોકાણ દરમ્યાન ગુજરાતના મોટા ભાગના કેંન્દ્રોની મુલાકાત લીધી.

15મીના રોજ, અમદાવાદના અડાલજ આશ્રમમાં સત્સંગનું સંચાલન કર્યું જેમાં લગભગ 900 અભ્યાસીઓ ભેગા થયા હતા અને નિયમિત સાધનાની અગત્યતા ઉપર ભાર મુકતું પ્રવચન કર્યું. તેમણે તે પણ સમજાવ્યું કે જેના માટે આપણે ધ્યાન ધરીએ છીએ તે માટે આપણે પોતાની ચેતનાને વધારે શુધ્ધ અને સંવેદનશીલ બનાવવી પડશે. અમદાવાદમાં તેમણે 'ગૂઢ પ્રતિકના પેન્ડન્ટ' રજૂ કર્યા જે મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ છે. તેઓ બીજા અન્ય કેંન્દ્રોથી આવેલા અભ્યાસીઓના સમૂહોને પણ મળ્યા.

16મીના રોજ, તેમણે કમાલપુરની મુલાકાત લીધી અને મંગળવારે ભાવનગર જવા નિકળ્યા. જ્યારે તેમને માસ્ટર સાથે પસાર કરેલી સૌથી અગત્યની ક્ષણ વિષે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે જવાબ આપ્યો કે તે જ્યારે તેમની ઉત્ત્રાધિકારી તરીકે જાહેરાત થઈ તે હતી. બાદમાં, તેઓ વડોદરા અને સુરત જવા નિકળ્યા.



સુરત ખાતે, પ્રશ્નોત્તરીના સત્ર દરમ્યાન, તેમણે સાધનાના ઘણા પાસાઓનું સ્પષ્ટિકરણ કર્યું. તેમણે એક અભ્યાસી તરફથી સુરત ખાતે ધ્યાનખંડ માટે દાન આપવાના અને તેને તૈયાર કરવાના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. ત્યાર બાદ, તેઓ નવસારી આશ્રમ જવા નિકળ્યા અને વલસાડ સુધી, તેમની યાત્રા ચાલુ રાખી. ત્યાં લોકોને મળ્યા અને સત્સંગનું સંચાલન કર્યા બાદ, તેઓ તે રાત્રીએ વડોદરા પાછા ફર્યા.

21મી સપ્ટેમ્બરના રોજ, વડોદરા ખાતે સમગ્ર ગુજરાતમાંથી લગભગ 1000 અભ્યાસીઓ એકત્રિત થયા. રવિવારે, સત્સંગ બાદ, તેમણે આપણી સાધના સાથે સંકળાયેલા સૂક્ષ્મ વિજ્ઞાન ઉપર પ્રવચન કર્યું. પછીના દિવસે, તેમણે આણંદની મુલાકાત લીધી અને 25મીના રોજ, તેઓ અમદાવાદ પાછા ફર્યા. 27મીના રોજ, જી.આઈ. ટી.પી કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવા અડાલજ આશ્રમની મુલાકાત લીધી. આ કાર્યક્રમમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશથી આવેલા પંચોતેર અભ્યાસીઓએ હાજરી આપી હતી.

30મીના રોજ, તેમણે કડી ખાતે સત્સંગનું સંચાલન કર્યું, જેમાં કડી, પાલનપુર, મહેસાણા, કલોલ અને ઉંઝાના લગભગ 125 અભ્યાસીઓએ હાજરી આપી હતી, જેમાં ઘણા બધા નવા જિજ્ઞાસુઓ હતા. ભાઈ કમલેશે તેઓને જીંદગીમાં આના જેવી સૂક્ષ્મ પધ્ધતિને સ્વીકારવાની અગત્યતા ઉપર સમજાવ્યું. ત્યારે બાદ, તેમણે અમદાવાદ પાછા ફરતા પહેલાં, કલોલ ખાતે અભ્યાસીઓ સાથે કેટલોક સમય વિતાવ્યો. 2જી ઓક્ટોબરે તેમણે ગુજરાતનો પ્રવાસ પૂરો કર્યો અને ચેન્નાઈ જવા રવાના થયા.





## આશ્રમ મેનેજમેન્ટ કાર્યક્રમ

મણપાક્કમ ખાતે, સમગ્ર ભારતમાંથી આવેલા, આશ્રમ પ્રબંધકો, ઉત્સુક સ્વયંસેવકો, સેન્ટર ઈન ચાર્જ સાથેના, લગભગ પિસ્તાળીસ સહભાગીઓને સમાવતો, 20મીથી 24મી ઓગસ્ટ સુધી, પાંચ દિવસીય કાર્યક્રમ રખાયો હતો. આ કાર્યક્રમ માસ્ટર દ્વારા પ્રેરિત હતો, જેમણે દર્શાવ્યું હતું કે તેઓને આશ્રમના વહીવટમાં વ્યાવસાયિક અભિગમ જોવો છે. દરેક દિવસ માટે, એક વિષયવસ્તુ રાખવામાં આવી હતી?આપણા આશ્રમો માટે દૂ-રંદેશીપણું પેદા કરવું, આશ્રમના અસરકાર ઉપયોગ માટે અભિપ્રાયો, આધ્યામિક સાધકોની સેવા કરવી, આપણા આશ્રમોનું આયોજન કરવું, આશ્રમોનો કારભાર કરવો, અને આપણા આશ્રમોની કામગીરીમાં પારસ્પરિક વિશ્વાસ અને આદરનો શિષ્ટાચાર પેદા કરવો. આ કાર્યક્રમમાં સત્સંગ, વાર્તાલાપો, પ્રસ્તુતિઓ, માસ્ટરના વીડીઓ રેકોર્ડીંગ, સમૂહ ચર્ચાઓ, અગત્યની વાતો, મણપાક્કમ આશ્રમના બત્રીસ વિભાગોની મુલાકાત સામેલ હતા.

બીજા દિવસે, ભાઈ કમલેશે આશ્રમોમાં પ્રોત્સાહન કરવા જેવી અને ઉષ્માભર્યું વાતાવરણનું સર્જન કરવા માટે જે અથાગ પ્રયત્ન કરવો જોઈએ તેને આવકારવા જેવી, સંભવિત પ્રવૃત્તિઓ ઉપર પોતાના વિચારો જણાવ્યા. તબીયતને કારણે શારિરીક અસ્વસ્થતા હોવા છતા, માસ્ટરે સહભાગીઓને છેલ્લા બે દિવસોએ પણ સંબોધ્યા. કાર્યક્રમના સમાપન દિને, સત્સંગ બાદ, તેમને પ્રવચન કર્યું જેમાં તેમણે આશ્રમની જાળવણીની ખરેખરી શરૂઆત દરેક વ્યક્તિની આંતરિક જાળવણીથી થાય છે અને આપણામાંના દરેકે પોતાના હૃદયોનું આશ્રમ સર્જવું જોઈએ તેની ઉપર ભાર મૂક્યો. તેમને કહ્યું કે આશ્રમની જાળવણી, જીવનની સહજ માર્ગીય રહેણી-કરણીને



## નવું કેન્દ્ર-પાચોર. મધ્યપ્રદેશ

2જી ઓકટોબરના રોજ, મધ્ય પ્રદેશના રાજગઢ જીલ્લામાં પાચોર ખાતે, પાચોર અને આસપાસના ગામોમાંથી આવેલા અભિલાષીઓ માટે જાહેર સભાનું સંચાલન કરવામાં આવ્યું. બહેન રુચી શ્રીવાસ્તવના પ્રાસ્તવિક પ્રવચન બાદ, ભાઈ પ્રભાકર દાસ આધ્યાત્મિકતાની જરૂરીયાત, સહજ માર્ગના માસ્ટરો અને મીશન દ્વારા અપાતી સેવાઓ ઉપર બોલ્યા. બહેન સંગિતા દાસે સાધનાના વિવિધ પાસાઓ, અને તેમની આપણા દૈનિક જીવન ઉપર થતી અસરો ઉપર વાત કરી. ત્યાર બાદ, અનૌપચારીક અરસ-પરસની વાતચિત માટેનું સત્ર રાખવામાં આવ્યું હતું. તેના પછી, પચ્ચીસ અભિલાષીઓએ અભ્યાસ શરૂ કરવાની તૈયારી દર્શાવી. આભ્યાસ માટે તેઓની ભૂમિકા અને અપેક્ષિત પ્રતિબધ્ધતા વિષે તેઓને વિગતવાર જણાવવામાં આવ્યું. આ અભિલાષીઓમાંના દસે તરત જ સીટીંગ લીધું અને બાકીના પછીના અઠવાડીયે સીટીંગ લેવાના હતા. આમ, મધ્ય પ્રદેશના આ ભાગમાં નવું કેન્દ્ર એકદમ સાહજીક રીતે બન્યું

## કોલાકાલુરુ, આન્ધ્ર પ્રદેશ ખાતેનો પ્રાદેશિક આશ્રમ.

વિજયવાડા, ગુન્ટુર, તેનાલી અને મંગલાગીરીના અભ્યાસીઓની આધ્યાત્મિક જરૂરીયાતને પૂરી કરવા, ખાજીપેટા, ગુન્ટુર ખાતે એમ. જી. બ્રધર્સ રીઅલ એસ્ટેટ દ્વારા આશરે પચાસ એકર જમીનનું અધિગ્રહણ કરવામાં આવ્યું. તેમાંથી આશરે 18.75 એકર જમીન આશ્રમ માટે ફાળવવામાં આવી. અને બાકીની અભ્યાસીઓ માટે પાર્થસારથિ નગર નિવાસી વસાહત માટે ફાળવવામાં આવી.

2જી ફેબ્રુઆરી, 2012ના રોજ, માસ્ટરના આશિર્વાદ સાથે, ભાઈ મધુ કોથાપલ્લી (ઝેડ.આઈ.સી.) દ્વારા શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. 8 સપ્ટેમબરના રોજ, સવારે 11:00 કલાકે, માસ્ટરે આશ્રમનું ઉદઘાટન, ચેન્નાઈથી સીધા પ્રસારણ દ્વારા કર્યું અને આશ્રમને બાબુજી મહારાજને સમર્પિત કર્યો. માસ્ટરે જણાવ્યું કે, "આશ્રમનો ઉપયોગ થવો જોઈએ અને તે વિદ્યાર્થી વગરની શાળા જેવો ના થઈ જવો જોઈએ." કોલાકાલુરુ ખાતે, અભ્યાસીઓએ પ્રસંગને ઉત્સાહભર્યા હૃદયથી ઉજવ્યો. હવે અહીં નિયમિત સત્સંગ અને પૂર્ણ દિવસીય કાર્યક્રમોનું સંચાલન થાય છે.

## યુવા કાર્યક્રમો



### અહમદનગર, મહારાષ્ટ્ર

બાવીસ યુવાનોનાં એક જૂથે તા. 6 ઓક્ટોબરે બહેનોએ બનાવેલ બપોરનું ખૂબ જ અત્યુત્તમ જમણ લઈને એફર્ટ્સ પ્લેનેટોરીયમની મુલાકાત લીધી. પ્લેનેટોરીયમ પહોંચીને રજીસ્ટ્રેશન પછી ઓળખાણનો દોર ચાલ્યો અને ત્યાર પછી "Dumb Charades"(મૂક પહેલી) રમ્યા, જેમાં મિશનનાં સાહિત્યનાં શબ્દો સંકેત તરીકે હતા. આ રમત શબ્દોનો ઉપયોગ કર્યા વગર હૃદયનો ઉપયોગ કરી વિચાર વ્યક્ત કરવાનું સચોટ ઉદાહરણ હતું. ત્યાર પછી પ્લેનેટોરીયમમાં સમય અનુસાર જે કાર્યક્રમ હતો તે ખુબ જ જ્ઞાન આપનાર હતો અને આકાશગંગા, ગ્રહો તથા તારા વિશે વિગતવાર જાણકારી આપનારો હતો. આ સફરથી અભ્યાસીઓ વચ્ચે સંબંધ અને ભાઈચારો વધવામાં મદદ થઈ.

### ભીલવાડા, રાજસ્થાન

માસિક યુવા કાર્યક્રમનાં ભાગરૂપે 12 યુવાનો અને 2 બાળકોએ તા. 25 મી ઓગષ્ટનાં રોજ હરણી મહાદેવની પર્યટન માં ભાગ લીધો. ભાગ લેનારાઓએ તમની સહજ માર્ગની સાધના કેવી રીતે શરૂ કરી તેનાં અનુભવ કહ્યા અને તેમનું લક્ષ્ય શું હતું તે કહ્યુ, પરંતુ ખબર પડી કે એમાનાં ઘણા બધા વાસ્તિવક લક્ષ્ય વિશે અપરિચિત હતા. આ વિષય ઉપર મિશનનાં સાહિત્યમાંથી અવતરણો વાંચવામાં આવ્યા હતા. એવું જણાયું કે આ વિષય ઉપર વધારે મહત્વ આપવું જોઈએ તેથી એવું નકકી કરવામાં આવ્યું કે દરેક રવિવારે બધા યુવા અભ્યાસીઓ સત્સંગ પછી 15-20 મિનિટ મેડીટેશન હોલમાં રોકાશે અને તેમનાં અનુભવોની આપ-લે કરશે.



### યુ.એન. ઈન્ટરનેશનલ યુથ ડે – વેબીનાર



એસ.આર.સી.એમ. સ્વયં નોન ગવર્મેન્ટલ ઓર્ગનઈઝેશન (એન્જીઓ) તરીકે યુનાઈટેડ નેશન્સ ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લીક ઈન્ફોર્મેશન (યુએનડીપીઆઈ) સાથે તા. 12 ડિસેમ્બર 2005 થી સંલગ્ન છે. આનો મુખ્ય હેતુ અરસપરસ પ્રેમ તથા વૈશ્વિક ભાઈચારાને જ્ઞાતિ, રંગ, પંથ, ધર્મ, રાષ્ટ્રીયતા અને લિંગ નાં કોઈપણ જાતનાં ભેદભાવ વગર આગળ વધારવાનો હતો.

સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય યુવા દિવસ નો ઉત્સવ મનાવવા માટે "વૈશ્વિક પ્રાર્થના – પ્રેમ એ પરિવર્તન નું ઈંધણ" પર એક વેબીનાર તા. 17 ઓગ્ષ્ટ 2013 નાં રોજ યોજાયો જેમાં લગભગ 4649 સહભાગીઓએ દરેક સમય ક્ષેત્રમાંથી ભાગ લીધો. આની શરૂઆત ભાઈ એન્દ્રે બેરીટો જે શઓ પોલો, બ્રાઝીલ નાં છે, એમની પ્રસ્તાવના વાત થી થઈ અને તેનાં પછી માસ્ટરે યુવાનોને આપેલું એક નાનું પ્રવચન રજૂ કરવામાં આવ્યું. પેરીસનાં બહેન એકતા બોડોરલિક એસઆરસીએમ ના યુએનડીપીઆઈ સાથેનાં સંગઠન ઉપર વિધિસરની ઓળખાણ આપી. ભાઈ રિષભ કોઠારીએ વ્હીસ્પર્સનો બાબુજી મહારાજનો તા. 19 નવેમ્બર 1999 નાં રોજ આપવામાં આવેલો સંદેશો વાંચ્યો અને પછી તેમણે સેમીનારનાં વિષય વિશે વાત કરી.

સિધ્ધાંત પ્રવચન પછીનાં સવાલ-જવાબ સત્રમાં ભાઈ રિષભ અને બહેન એકતાએ સહભાગીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનાં જવાબ આપ્યા. આ વેબીનારે યુવાનોને તેમનાં અનુભવો અને પડકારો ની આપ-લે કરવા મંચ પૂરું પાડ્યું. એલએમઓઆઈએસ નાં 150 વિધાર્થીઓ મળીને લગભગ 200 સહભાગીઓ મણાપકક્મમાં ભેગા થયા હતા.

વેબીનાર નાં અંતિમ ચરણમાં વૈશ્વિક પ્રાર્થના રાખવામાં આવી હતી જે યાદગાર ક્ષણો હતી અને તેનાથી મેળાવડા ને વ્યાવહારિક દ્રષ્ટિકોણ મળ્યો. વિશ્વની દરેક સંસ્કૃતિએ પ્રાર્થનાને પ્રેમ દ્વારા બદલાવ ઉત્પન થઈ શકે એવા સાધન તરીકે ઓળખી. ઘણા બધાએ જેમણે વેબીનાર પછી જુદા જુદા સેન્ટર અને આશ્રમોમાં પ્રાર્થના કરી તેમણે તેમનાં જોડાણ અને સારા જગતની રચનાનાં તેમના ઈરાદાને સહયોગ મળ્યાનાં અનુભવ વિશે જાણ કરી.

# પ્રશિક્ષક પ્રત્યક્ષ મુલાકાતો






## ત્રિચી, તામિલનાડુ

ઝેડાઆઈસી ભાઈ મુરુગન, તામિલનાડુના વિવિધ ભાગનાં પ્રશિક્ષકો (ઝોન 2A), ભારતના ઈન ચાર્જ ભાઈ રાજેશ રાઠોડ સહિત બધાં તા. 21 સપ્ટેમ્બરની મુલાકાત માટે હાજર હતાં. દિવસની શરૂઆત સવારે 7:30 વાગ્યાનાં સત્સંગથી થઈ. ત્યાર પછી “પૂજા કેવી રીતે આપવી”, તેના પર માસ્ટરે તા.23 જાન્યુઆરી 2013 નાં રોજ ત્રિચીમાં “પ્રશિક્ષકોના ગહન અનુભવો” પ્રોગ્રામમાં આપેલી વાતચીત નો વીડીયો બતાવવામાં આવ્યો. ત્યાર પછી “તમને તમારા સેન્ટરમાં સૌથી સરસ શું લાગે છે?” અને “છેલ્લા એક વર્ષમાં એવું શું દાખલ કરવામાં આવ્યું જેનાથી સેન્ટરમાં બદલાવ આવ્યો” આ બે વિષય ઉપર સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી. આ ફળદ્રુપ ચર્ચાથી બધાંને બીજા સેન્ટર પાસેથી શીખવાની પ્રેરણા અને તક મળી. ત્યાર બાદ ભાઈ મુરુગને ઝોન2A નાં વિવિધ આંકડાઓ, પ્રવૃત્તિઓ અને ત્યાં હાજર બધા પાસે શું અપેક્ષા છે તેનાં વિશે માહિતી આપી. બપોરનાં સત્રમાં તકો અને અનુકૂળ વિસ્તારો એ વિષયો પર ચર્ચા કરી. ભાઈ રાજેશે ઘણી સમસ્યાઓનું સમાધાન આપ્યું. “સારા પ્રશિક્ષક કેવી રીતે બનવું” નો માસ્ટરનો વીડિયો બતાવવામાં આવ્યો. સાંજનાં 6:00 વાગ્યાનાં સત્સંગથી કાર્યક્રમને બંધ કરવામાં આવ્યો.

## લખનૌ, ઊત્તરપ્રદેશ

બાબુજી મેમોરીયલ આશ્રમ, લખનૌ ખાતે યુ.પી. (સેન્ટ્રલ) ઝોનનાં લગભગ 100 પ્રશિક્ષકોની તા. 28–29 સપ્ટેમ્બરે ભાઈ યુ.એસ.બાજપાઈની(સેક્રટરી) હાજરીમાં બે દિવસની ઝોનલ લેવલની પ્રત્યક્ષ મુલાકાત રાખવામાં આવી હતી. ભાઈ અશોક ગર્ગ (ઝેડાઈસી) એ બધા પ્રશિક્ષકોને આવકાર્યા અને વર્કશોપમાંથી ફાયદો મેળવવા માટે હૃદય અને મગજને ખુલ્લા રાખવાની જરૂરિયાત પર ભાર મૂકવાનું કહ્યું. માસ્ટરની ત્રણ ડીવીડી – “સંપૂર્ણ પ્રશિક્ષક બનો”,”પૂજાની બેઢક કેવી રીતે આપવી” અને “શિસ્તની જરૂરિયાત” બતાવવામાં આવી. ભાઈ જસ્ટીસ આર.આર.કે. ત્રિવેદી “પ્રશિક્ષકની ભૂમિકા વિષય ઉપર બોલ્યા, ભાઈ કે.કે.સક્સેના એ “પ્રશિક્ષકની ગાઈડ”માંથી કેટલાક મુદ્દા રજૂ કર્યા. ભાઈ આશિષ સિંઘે પ્રશિક્ષકોને પ્રેમ, ભાઈચારા અને સુમેળ થી કામ કરવા અને સમર્પિત અભ્યાસી બનવા માટે પ્રોત્સાહિત કર્યા અને બહેન પ્રિયદર્શિની ત્રિચી પ્રોગ્રામ ઉપર આધારિત “પ્રશિક્ષકોના અનુભવોની ગહરાઈ” ઉપર બોલ્યા. ભાઈ ઓ.પી. ગુલિયા અને ભાઈ આર.એસ.એલ. શ્રીવાસ્તવએ સેન્ટરનાં ઈતિહાસ ઉપર કેવી રીતે કામ કરવું તેનું વર્ણન કર્યું. ઝેડાઆઈસી ભાઈ અશોક ગર્ગે તેમના સેન્ટરોની મુલાકાતોનો રીપોર્ટ બતાવ્યો. ભાઈ યુ.એસ. બાજપાઈ એ ભાઈ અશોક ગર્ગને વર્કશોપનાં આયોજન માટે આભાર વ્યકત કરીને પૂર્ણાહુતી કરી. બધા પ્રશિક્ષકો પરફેક્ટ (સંપૂર્ણ) પ્રશિક્ષક બનવાનાં માટે વચ્ચનબધ્ધ થઈ સંપૂર્ણપણે ચાર્જ થઈને તેમનાં સેન્ટરમાં પાછા ફર્યા.

## મેંગ્લોર, કર્ણાટકા

તા. 1 લી સપ્ટેમ્બરે ભાઈ મોહનદાસે “આપણી કંડીશનને કેવી રીતે જાણવી” એ વિષય પર વર્કશોપ રાખ્યો હતો. તેમણે જાગરૂકતા અને સંવેદનશીલતા વિકસાવવા માટે ડાયરી લેખનની આદત ની જરૂરિયાત વિશે વર્ણન કર્યું. તેમણે અભ્યાસીઓને સત્સંગ દરમ્યાન અને સત્સંગ પછી અનુભવાતી સમય અને જગ્યાની જાણકારી, ઉંડાઈ, તલ્લીનતા, શાંતી, શીતળતા, વિશે લખવાનું કહ્યું. તેમણે ડાયરી લેખનને આપણી જાતને સ્વચ્છ કરવાનું એક અસરકારક સાધન કહ્યું અને આપણી અંતરદ્રષ્ટિ ને જગાડવાનું પણ એક સાધન કહ્યું. તેમણે કહ્યું દશા અને અનુભવ બંને જુદા છે અને દશા આપણી હાલત દર્શાવે છે. "તીવ્ર ઈચ્છા વિકસાવવા માટે વિવિધ ઉપાય" ઉપર એક ક્રિયાપ્રતિક્રિયા આપનારુ સત્ર રાખવામાં આવ્યું હતું. અભ્યાસીઓને તેમનાં પહેલાં ત્રણ સીટીંગ પહેલાનો અને પછીનાં અનુભવો વિશે જણાવવાનું કહેવામાં આવ્યું. ભાઈ મોહનદાસે સાધનામાં યોગ્ય વલણ જાળવવાની જરૂરિયાત વિશે જણાવ્યું, ખાસકરીને યાંત્રિક સાધનાને અવગણવાનું પરંતુ સાધનાને હૃદયની સંપૂર્ણ લગ્નતાથી કરવાનું કહ્યું. આપણે માસ્ટરને શક્ય હોય ત્યાં સુધી વારંવાર મળવું જોઈએ અને આંતરિક સંપર્ક અને સંબંધ જાળવી રાખવો જોઈએ, જે તીવ્ર ઈચ્છા વિકસાવવા માટે નો ઉપાય છે.





## મનન પ્રોગ્રામ – તીપતુર, કર્ણાટકા

સાધેનીય ચીન્તના શીબીરા કાર્યક્રમનું આયોજન કન્નડ ભાષામાં તા. 14 અને 15 સપ્ટેમ્બરે, તીપતુર, કર્ણાટકામાં કરવામાં આવ્યું તેમાં અભ્યાસીઓને ધાર્મિક વિધિઓ થી પર થવું, ઊણપોની ઉપર પ્રભુત્વ મેળવવું અને સાધના વિશે જાગરૂકતા કેળવવી અને પોતાનાં ચારિત્ર્યનાં નિર્માણનું આત્મનિરીક્ષણ કરવાનાં હેતુથી રાખવામાં આવ્યો હતો. લગભગ 40 અભ્યાસીઓએ કાર્યક્રમમાં હાજરી આપી. અભ્યાસીઓને લાગ્યું કે કાર્યક્રમથી પદ્ધતિ અને સાધનાની સારી જાણકારી મેળવવામાં મદદ મળી હતી અને બધાનાં અભિપ્રાય ઉત્સાહવર્ધક હતા. ભાઈ બી. શ્રીનિવાસા અને ડો. ક્રિશ્નામુર્થી દ્વારા કાર્યક્રમને સુવિધાજનક કરવામાં આવ્યો હતો.

## થુમકુન્તા આશ્રમ, હૈદરાબાદ

દર મહિનાનાં પહેલા શનિવારે યોજાતા ગેટ ટુગેધર માટે ઝોનલ આશ્રમ યજમાન હોય છે. 5 મી ઓક્ટોબરે આ કાર્યક્રમનાં બે વર્ષ પૂર્ણ થયા. કાર્યક્રમનાં સત્રમાં લગભગ માસ્ટરનાં વીડીયો જોવા, સહજમર્ગનાં જુદા જુદા વિષય ઉપર ચર્ચા કરવી, વક્તાઓ દ્વારા રજુઆત વીસ્પર્સનાં સંદેશા વાંચવા અથવા રૂચી પ્રમાણે ચલચિત્ર જોવા વગેરે હોય છે. અભ્યાસી કે જેઓ માસ્ટરની મુલાકાત કરે છે, રીટ્રીટ સેન્ટર જઈને આવે છે તે પોતાનાં અનુભવો જણાવે છે. આ કાર્યક્રમ, સ્થાયી અભ્યાસીઓ વચ્ચે સારા સંબંધો બાંધવામાં અને એકતા જાળવવાનું સાધન બન્યા છે. સ્થાયી અભ્યાસીઓ આમાં ખૂબજ ઉત્સાહથી ભાગ લે છે.



## કુંભકોણમ, તામિલનાડુ

“સાહિત્ય માથી શીખવું” કાર્યક્રમ, ભાઈ બી.એસ. મુરુગન, ઝેડાઆઈસીનાં સુચન અનુસાર રાખવામાં આવ્યો, જેથી મિશનનાં સાહિત્ય વાચવામાં રૂચી જાગે અને વિકાસ તથા જૂથમાં કામ કરવાની તક મળે.

આ કાર્યક્રમ શરૂમાં ત્રિચી ખાતે તા. 27 જુલાઈ એ યોજ્વામાં આવ્યો અને 22 સેન્ટરો માથી લગભગ 60 અભ્યાસીઓએ ભાગ લીધો. ઝોનને 14 જૂથમાં વર્ગીકરણ કરી દરેક જૂથમાં પાંચ થી છ સેન્ટર અને એક કો–ઓડીનેટર હતાં. જૂથ 5 જેમાં કુંભકોણમ, કરાઈકલ, તીરુવરૂર, નાગાપટ્ટીનમ, કુડાવાસલ અને માઈલાદુથુરાઈ હતાં, તેમનું પ્રથમ સત્ર 8 સપ્ટેમ્બરે કુંભકોણમમાં હતું. 23 અભ્યાસીઓએ સત્ય નો ઉદય ચોપડી વાંચવાથી શરૂઆત કરી. સહભાગીઓએ ચોપડી વાંચવામાં ખુબ રૂચી બતાવી અને આ કાર્યક્રમ દ્વારા તેમની સમજણ સુધારવામાં મદદરૂપ થયો.

## અન્જદ, મધ્ય પ્રદેશ

તા. 8 સપ્ટેમ્બરે એક કાર્યક્રમ જેમાં સહજ માર્ગ સાધનાનાં વિવિધ પાસાઓ અને ખાસ કરીને “નિરીક્ષણ અને હાલતને જાળવી રાખવા” અંગેનું સત્ર અન્જદ સેન્ટર ખાતે યોજાયું. કાર્યક્રમનું સંચાલન ઈંદોર સેન્ટરના ભાઈ રાજેશ, શૈલેન્દ્ર અને નિલેશ શર્માએ અન્જદ, દાવાના, થિકરિ અને બડવાની સેન્ટરનાં લગભગ ચાલીસ અભ્યાસીઓ માટે કર્યું. લક્ષને નિયત કરવાનાં મહત્વ પર ચર્ચા કરી. એક નાનું સત્ર જેમાં આત્મનિરીક્ષણ અને "હું મારી સાધના અને સફાઈ હાલ કેવી રીતે કરૂ છું" બાદ માસ્ટરે સુચવેલ પદ્ધતિની રજૂઆત સહભાગીઓને આડે રસ્તે ફંટાવાં માથી મદદરૂપ થઈ. હાલતને જાળવી રાખવાનાં મહત્વ પર એક સત્ર જેમાં બધાને પોતાની હાલતનું અવલોકન થોડો સમય કરી પાછા 15 મિનીટ ધ્યાનમાં બેસી ફરી હાલતનું અવલોકન શાંતીથી બેસી કરવા કહ્યું અને હાલતમાં જે ફેરફાર જણાય તે ડાયરીમાં નોધવા કહ્યું. સંવેદનશીલતા અને જાગરૂકતા વધારવાની જરૂરિયાત લોકોને જણાઈ.

## નાની મોટી ખબર



### કોલકાતા

22 સપ્ટેમ્બરના રોજ, બાળકોને અલગ વય જૂથોમાં વિભાજીત કરવામાં આવ્યા અને પ્રાર્થનાનું પઠન, પ્રાર્થનાનું લેખન અથવા દસ નિયમોને યાદ રાખવા જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવી હતી. મોટા બાળકોએ પ્રેમ, શિસ્ત અને ધ્યાન જેવા વિષયો પર ટૂંકા નિબંધો લખ્યા. સિત્તેર આસપાસ બાળકોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આથી બાળકો અને તેમના માતા-પિતાને પ્રાર્થના અને દસ નિયમોને શીખવા માટે ઉત્સાહિત કર્યા.



### કોલકાતા

7મીસપ્ટેમ્બરના રોજ, લાજપત બાલિકા વિદ્યાલયની લગભગ અઠ્ઠાવન કન્યાઓએ ચાર શિક્ષકો અને તેમના વાઈસ પ્રિન્સીપાલ સાથે બાબુજી મેમોરિયલ આશ્રમ, કોલકાતાની મુલાકાત લીધી હતી. તેઓએ સમય વ્યવસ્થાપન, માનવીયતા અને કરુણા જેવા વિષયો પર કેટલાક વીબીએસઈના પ્રયોગો બતાવ્યા હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ મિશન સાથે આવી વધુ પારસ્પારિક પ્રતિક્રિયાઓ ઈચ્છતા હતા. અમુક શિક્ષકોએ અભ્યાસ શરૂ કરવામાં રસ વ્યક્ત કર્યો હતો.

### વડોદરા

ભાઈ ભાઈબીટ્ટુએ બાળકોના સ્વયંસેવકો સાથે કેન્દ્ર પર નવરાત્રી ઉત્સવની ઉજવણી ના ભાગ તરીકે 13 મી ઓક્ટોબરે ગરબા-ડાન્સ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સત્સંગ પછી બાળકોએ રંગબેરંગી પોશાક માં ગરબા કર્યા હતા અને ત્યારબાદ તેમના માતા – પિતા અને વડીલો પણ તેમાં જોડાયા હતા. તે ખરેખર આનંદદાયક હતું અને ખુશી લાગણી ઉદ્દભવી હતી.






### મોરાદાબાદ, ઉત્તર પ્રદેશ

29 સપ્ટેમ્બરના રોજ ડાયરી લેખન પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અઠ્ઠાવીસ સહભાગીઓ માટે ચાર ફેસિલિટેટર્સ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેઓને ત્રણ જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. બધાજ સહભાગીઓ માટે તે એક સુખદ અનુભવ રહ્યો હતો અને જ્યારે આપણે આપણી હાલત વિષે ડાયરીમાં લખીએ છીએ ત્યારે તે આપોઆપ માસ્ટર દ્વારા વંચાય છે તેવું અનુભવ્યું. આ સત્ર બપોરના 2.30 સુધી ચાલ્યું.

### ઈન્દોર, મધ્ય પ્રદેશ

31 મી ઓગસ્ટે, છ અભ્યાસીઓ માસ્ટર સાથે આત્મીયતા વિકસાવવા પર આત્મનિરીક્ષણ કરવા માટે ઈન્દોર આશ્રમ ખાતે મળ્યા હતા. શાશ્વત સંદેશાઓમાંથી ચર્ચા માટે ઉતારા વાંચ્યા હતા. તે આપણા આધ્યાત્મિક હૃદયમાં માસ્ટરને જોવા અને આત્મસાત કરવાની જરૂરિયાત વિષે હતા. અભ્યાસીઓને આત્મનિરીક્ષણ કરવાનું અને તેમના નિરિક્ષણો ડાયરીમાં લખવાનું કહેવામાં આવ્યું હતું.

### ચીખલી, મહારાષ્ટ્ર

"કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ" પર લગભગ 65 વિદ્યાર્થીઓ માટે માટે 6 ઠ્ઠી ઓકટોબર ના રોજ એક આખાદિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓ તૈયારી સાથે આવ્યા હતા અને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને આમ એક માહિતીપ્રદ ચર્ચાએ સ્થાન લીધું હતું. સીઆઈસી ભાઈ ભાઈ સંજય લાહોટીએ ચર્ચા સમેટી હતી.

ચીખલી કેન્દ્ર દ્વારા છેલ્લા બે મહિનાથી નવા નવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. દર મહિનાના ત્રીજા રવિવારે હાજર રહેલા અભ્યાસીઓને દસ જૂથોમાં વિભાજિત કરવામાં આવે છે. દરેક જૂથને બે વિશિષ્ટ પ્રકરણો વાંચવા માટે એક પુસ્તક આપવામાં આવે છે. બપોરના ભોજન દરમિયાન, ભાઈ તુલસીરામ દ્વારા બે પ્રકણોમાંથી દસ પ્રશ્નો તૈયાર કરે છે અને એક પ્રશ્નાવલી બનાવે છે. બપોરના સત્રમાં, જૂથોને એક કલાકનો સમય પ્રશ્નાવલીના જવાબ આપવા માટે આપે છે. આ જૂથો પછી પ્રશ્નો અને જવાબો રજૂ કરે છે. આ કાર્યક્રમ બે કલાક સુધી ચાલે છે અને અભ્યાસીઓને મિશનના પુસ્તકો વાંચવામાં મદદ કરે છે.



## ઓપન હાઉસ સત્રો

12 સપ્ટેમ્બરના રોજ શુભારંભ ટાવર્સ, **થાણે** ખાતે ઈશ્વરને મૂર્તીઓના રૂપમાં બહાર શોધવા કરતાં પોતાના હૃદયના અંત:અસ્થમાં શોધવા પર મહત્ત્વ આપવા વિષે અને ધ્યાનની મદદથી આ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે તે વિષે કહેવામાં આવ્યું હતું. લગભગ 5 થી 6 ભાગ લેનારાઓએ હકારાત્મક પ્રતિભાવ દર્શાવ્યો હતો.





17 મી ઓગસ્ટ ના દિવસે વિરુધુનગરની કામરાજ કોલેજ ઓફ એન્જિનિયરિંગ અને ટેકનોલોજી ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ 150 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાઈ ટી.કે. અરુમુગમ, ભાઈ બાલાસુબ્રમન્યમ્ આ પ્રસંગે બોલ્યા હતા. અભ્યાસીઓ તે પછી જે આચાર્યશ્રીને મળ્યા હતા તેમણે આ પધ્ધતિમાં ઊંડો રસ બતાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આશાસ્પદ વિદ્યાર્થીઓના લાભ માટે ધ્યાનનો અભ્યાસ શરૂ કરવા માટે જેટલી બને તેટલી જલ્દી વ્યવસ્થા તેઓ કરશે.



**ઝાબુઆ,** છેલ્લા ઘણાં વર્ષોથી એક ડઝન કરતાં ઓછાં અભ્યાસીઓ ધરાવતા કેન્દ્રએ, 1લી સપ્ટેમ્બરના રોજ, ઝાબુઆ(એમપી) પોલિટેકનિક કોલેજ ખાતે, 400 આદિવાસી વિદ્યાર્થીઓ માટેની નિવાસી સંસ્થા માટે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ભાઈ પ્રભાકરે વિદ્યાર્થીઓને આધ્યાત્મિકતા અને ધ્યાનનું મહત્ત્વ ઉદાહરણો સાથે સમજાવ્યું હતું. 98 વિદ્યાર્થીઓના નામની યાદી થઈ હતી અને વિવિધ કેન્દ્રોના પ્રશિક્ષકો પ્રારંભિક બેઠકો માટે તે પછીના અઠવાડિયે ઝાબુઆ ગયા હતા.

### નવી નિમણુંકો

ભાઈ સુરેન્દ્ર શર્મા

ઝેડ આઈ સી જમ્મુ અને કાશ્મીર

## હોસુર અભ્યાસી કોલોની

### સારા આયોજન અને અમલનું ઉદાહરણ

અભ્યાસી નિવાસી કોલોની કે જે અભ્યાસીઓના આદર્શ જીવન માટે આવશ્યક માળખું અને અનુકૂળ વાતાવરણ પૂરૂં પાડે છે તે ઝડપથી ગતિ કરી રહ્યું છે, જે બીજી અભ્યાસી કોલોની માટે નમૂનારૂપ છે. વિગતવાર નાણાકીય આયોજન અને અભ્યાસીઓનું ટીમવર્ક, હોસુર આશ્રમની બાજુમાં એક મોડેલ કોલોનીમાં પરિણમ્યું છે.



હોસુર બેંગ્લોરથી માત્ર 25 કિ.મી. પૂર્વમાં તામિલનાડુ સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ એક ઔદ્યોગિક કેન્દ્ર છે. હોસુર ખાતે આશ્રમની જમીન માટેની શોધ 1995થી શરૂ કરી દીધી હતી. શોધનું ફળ હોસુર બસ સ્ટેન્ડથી લગભગ 5 કિ.મી. અવલપલ્લી ગામ ખાતે કેલાવરપલ્લી ડેમની સામે 2009માં જમીનરૂપે મળ્યું. ભાઈ સી. રાજગોપાલન તે સમયના ઝેડઆઈસીએ સ્થળની મુલાકાત લીધી હતી અને આગળ વધવા માટે સંકેત આપ્યો હતો.

### તેમનું સ્વપ્ન

વર્ષો પહેલાં જ્યારે એક અભ્યાસી આશ્રમ માટે જમીનનું દાન કરવા ઈચ્છતો હતો, ત્યારે માસ્ટરે વિનમ્રતાથી જવાબ આપ્યો હતો “હોસુરને એકરમાં જરૂર છે.” તેમનું સ્વપ્ન ત્યારે જ સમજમાં આવી ગયું હતું, જ્યારે તેમના આશીર્વાદથી 13.8 એકર જમીન પ્રાપ્ત કરવામાં આવી હતી. તેમાંથી 4.75 એકર જમીન આશ્રમ માટે અનામત રાખવામાં આવી હતી અને બાકીની જમીનમાં અભ્યાસી કોલોની બાંધવામાં આવી હતી. આશ્રમની

જમીનની નોંધણી ભાઈ એ.પી.દુરાઈ, જોઈન્ટ સેક્રેટરી દ્વારા 22 જાનુઆરી, 2010માં કરવામાં આવી હતી. ટીમ વર્ક દ્વારા માસ્ટર ખુશ થઈ ગયા હતા અને હાઉસીંગ કોલોનીને 'પ્રગતિ એન્કલેવ' નામ આપ્યું હતું.



### કોર ટીમ

ફાઈનાન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર, કાનૂની મુદ્દાઓ વગેરેને લગતા નિર્ણયો લેવા માટે 7 સભ્યોની એક કોર ટીમ બનાવવામાં આવી હતી. ટીમ અભ્યાસીઓ સાથે સંકલીત થઈ હતી અને ત્યારબાદ ચર્ચા વિચારણા કર્યા પછી નિર્ણયો લેવામાં આવ્યા હતા. જમીનની કિંમત, આવાસી ઈન્ફ્રાસ્ટ્રકચર, આશ્રમની જમીન માટે મળેલો ફાળો, આશ્રમ ઈન્ફ્રાસ્ટ્રકચર અને જાળવણી માટેના ખર્ચને ધ્યાનમાં લઈને પ્લોટસની કિંમત માટે યોજના ઘડી હતી.

### ઈન્ફ્રાસ્ટ્રકચર

આ લેઆઉટમાં દરેક પ્લોટના આશરે 2400 ચોરસ ફૂટના 102 પ્લોટ છે. હાલમાં આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કમ્પાઉન્ડ વોલ, ગટર લાઈન એક લાખ ક્યુબિક લિટર પાણીની ક્ષમતાવાળી ઓવરહેડ ટાંકી જેમાં બે બોરવેલમાંથી પાણી ભરાય છે અને બધા જ પ્લોટો માટે પાણીની લાઈનનું જોડાણ, કોંક્રિટના રસ્તા, કોમ્યુનિટી હોલ(હાલમાં ધ્યાન કક્ષ તરીકે ઉપયોગ) બાળકો માટે રમતનું મેદાન અને કોમન પાર્કિંગની જગ્યાનો સમાવેશ ઉપલબ્ધ છે. આશરે 700 જેટલા વૃક્ષોના છોડ રોપવામાં આવ્યા છે. જે આશ્રમની સુંદરતામાં વધારો કરે છે. દરેક પ્લોટમાં વીજળી જોડાણ પૂરું પાડવામાં આવ્યું છે. જર્મન કુતરાઓ 24x7 સુરક્ષા પુરી પાડે છે. પ્રોજેક્ટની ભવિષ્યની યોજનાઓમાં સોલર લેમ્પ અને વરસાદના પાણીનો સંગ્રહ કરવાની યોજના છે.

### સામાજીક જીવન

ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં, લેઆઉટમાં દસ માકાનો પૂર્ણ કરવામાં આવ્યાં છે. વધુ બે, બાંધકામ હેઠળ છે અને થોડાં વધારે કદાચ ખૂબ જ ટૂંકા સમયમાં થઈ શકે છે. અભ્યાસીઓ આશ્રમના વાતાવરણમાં રહીને ખુશ છે. બધાએ અનુભવ્યું કે ભાઈચારો અને સહનશીલતા વિકસાવીને એક મોટા કુટુંબ તરીકે સાથે રહેવાની માસ્ટર દ્વારા આપવામાં આવેલી આ એક ભવ્ય તક છે. શાંત અને શાંતિપૂર્ણ વાતાવરણ આત્મનિરિક્ષણ કરવામાં તેમને મદદ કરે છે અને પોતાને આદર્શ અભ્યાસી બનાવવા માટે નિર્મળ બનાવે છે. બધા વચ્ચે સામાન્ય લાગણી એ હતી કે એકવાર તેઓ કેમ્પસની અંદર આવે તો તેમને બહાર જવાનું મન થતું નથી. સમુદાયમાં રહેતાં બાળકો કુદરતી જગ્યામાં રમીને આનંદ કરે છે અને સંતુલિત વાતાવરણમાં એકબીજા સાથે હળીમળીને આનંદથી રહે છે.

આશ્રમની જમીનમાં ઉગાડવામાં આવતાં મોસમી શાકભાજી અને અનાજની અભ્યાસીઓની મદદથી કાળજી લેવામાં આવે છે. વ્યક્તિગત કીચન ગાર્ડનમાંથી થતી નીપજ પણ વહેંચવામાં આવે છે. આવા સમુદાયમાં રહેવાનો મુખ્ય લાભ એ છે કે બધા જ અભ્યાસીઓ એક સરખું લક્ષ પ્રાપ્ત કરવા ભાઈચારાનું, ઉચ્ચસ્તર પ્રાપ્ત કરવા, પરસ્પર વિશ્વાસ અને સહનશીલતા કેળવવા જીવી રહ્યા છે. શાંત, સ્વચ્છ અને ઈકોફ્રેન્ડલી વાતાવરણમાં જે કોઈ આ સ્થળની મુલાકાત લેવા માંગતા હોય તેમનું સ્વાગત છે.

### આશ્રમ પ્રોજેક્ટ

માસ્ટરે આશ્રમના બાંધકામ માટે તેમની મંજૂરી આપી દીધી છે. નિર્ણાયક ડીઝાઈન અને મંજૂરી હેડ ક્વાર્ટરમાં વિકાસ હેઠળ છે જેમાં મેડીટેશન હોલ, ડોર્મેન્ટરી અને ડાઈનીંગ હોલનો સમાવેશ થાય છે. હાલમાં સત્સંગો અર્ધ–કાયમી હોલમાં રાખવામાં આવી રહ્યા છે જેને અન્ય ઉપયોગ માટે રૂપાંતરિત કરવામાં આવશે. એ જ રીતે કામચલાઉ રસોડુ અને મહેમાન કક્ષ બાંધવામાં આવ્યા છે. આ વસાહત અને આશ્રમની મુલાકાત લઈને અન્ય કેન્દ્રો/ આશ્રમોમાં કોલોનીના આયોજકોને લાભ થશે.







To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2013 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.